સંકલ્પબળ.

અથવા

વિચારથી ધારેલું કામ પાર પાડવાની વિદ્યા.

પ્રગટકર્તા

માસ્તર, નાનાલાલ મગનલાલ.

રીચીરોડની સડકપર—અમદાવાદ.

અમદાવાદ - જ્ઞાનમંદિર પ્રીન્ટીંગ પ્રેસ.

નવી આવૃત્તિ (પ્રત ૧૦૦૦) સને ૧૯૧૩

કિંમત એક આનો.

સંકલ્પ બળ.

અથવા

વિચારથી ધારેલું કામ પાર પાડવાની વિદ્યા.

પ્રકાશક.

માસ્તર નાનાલાલ મગનલાલ

રીચીરોડની સડકપર—અમદાવાદ.

જ્ઞાનમંદિર પ્રેસમાં શંકરરાવ અમૃતરાવે

છાપ્યું.

નવી આવૃત્તિ   સને ૧૯૧૩

કિંમત એક આનો.

હું લેનોજી ?

આ ચમત્કારી વિદ્યાની નાનકડી ચોપડી શાંત ચિત્તથી વાંચી તે પ્રમાણે ધીરજ અને શ્રદ્ધાથી પ્રયોગ કરી જરૂર તેનો લાભ લેવાની હું દરેક માણસને ખાસ ભલામણ કરૂં છું. કારણ કે આ રીતમાં કોઇ જાતના ધુપ ધુમાડા કે યંતર મંતરની જરૂર પડતી નથી; પરંતુ સ્વચ્છ એકાંત જગ્યામાં તેનો પ્રયોગ સ્હેલાઇથી થઇ શકે છે.

આ પ્રયોગ કરતાં કદાપી કાંઇ પુછવું કે બીજી મદદ જોઇતી હોય તો પોષ્ટેજનો અડધો આનો મોકલી સુખેથી મને લખી જણાવવું. હું દરેક માણસ પ્રત્યે પ્રેમભાવ રાખી સૌનું ભલું થયેલું જોવાને અંતઃકરણથી રાજી છું.

સંકલ્પ બળ

અથવા.

વિચારથી ધારેલું કામ પાર પાડવાની વિદ્યા.

આ દુનીયામાં પહેલાં અજાયબ જેવી ગણાતી ઘણી બાબતો હાલમાં બરાબર રીતે સાયન્સ વિગેરેથી સિદ્ધ થઇ ચુકી છે. જેમ જેમ માણસો શોધ કરે છે તેમ તેમ કુદરતમાં તેમજ પોતાનામાં રહેલી ઘણી ગુપ્ત—છાની શક્તિઓ જાણવામાં અને અનુભવવામાં પણ આવે છે. જે એક માણસ કરી શકે છે તે બીજો માણસ પણ કરી શકે છે કારણ કે દરેક માણસમાં શક્તિઓ તો સરખી રહેલી છે; પણ ઘણા ખરા માણસોમાં તે ગુપ્ત હોયછે. અને તે શક્તિઓને જો બરાબર મહેનત કરી કેળવવામાં આવે તો પ્રગટ પણ કરી શકાય છે.

માનસિક સંદેશા પણ તેમાંની એક ઉપયોગી શોધ છે. અસલના પવિત્ર ઋષી મુનીઓ, ધર્મ ગુરૂઓ અને પેગંબરો તે વાત સારી રીતે જાણતા હતા, પણ વચમાં એવો સમય આવ્યો કે તે બાબતોને લોકો વહેમ તથા ઈંદ્રજાળ તરીકે માની બેઠા અને કેટલાક તો તેને ખસી ગયેલા મગજની કલ્પના તરીકે ગણવા લાગ્યા. પણ હમણાં તે બાબતો ચોક્કસ રીતે પુરવાર થઇ ચુકી છે, અને જે તેમ કરવાને મહેનત કરે તે પોતાને માટે તેવું કરી પણ શકે છે. મોઢેથી બોલ્યા વિના અથવા કાગળ લખ્યા સિવાય પોતાનાથી ઘણે દૂર રહેલા મિત્ર કે સગાંવ્હાલાં સાથે વાત કરી શકાય છે. તે ટેલીપથી વિદ્યાથી સિદ્ધ થઇ શકે છે. આ વાત કેવળ મનથી થઇ શકે છે અને આવા સંદેશાને માનસિક સંદેશા કહેવામાં આવે છે. આ વાત માનનારા તથા કહેનારા તરફ લોકો અત્યાર લગણ તિરસ્કારની નજરથી જોતા હતા પણ કલકત્તામાં સાયન્સ પ્રોફેસર મી. જગદીશચંદ્ર બોઝે અને મી. માર્કોનીએ અખતરા કરી લોકોને ચોક્કસ રીતે સિદ્ધ

કરી આપ્યું છે કે જેમ તારના દોરડાની મદદ સિવાય એક ઠેકાણેથી બીજે ઠેકાણે સંદેશા મોકલી શકાય છે. અને તેની લોકોને ખાત્રી થઈ છે. તેજીજ રીતે એક માણસનું મગજ પોતાનો વિચાર બીજા માણસના મગજને, ગમે તેટલું અંતર છતાં, પ્હોચાડી શકે તો તેમાં કાંઇ નવાઇ પામવા જેવું નથી. મી. મારકોનીના વીજળીક યંત્રો જેવા જડ પદાર્થો ઈથરની મારફતે બીજે સ્થળે દૂર આવેલા વિજળીક યંત્રમાં અવાજો મોકલી શકે તો પછી મન જે અનંત શક્તિવાળું છે,તે પોતાના વિચાર બીજા મનને ઇથરની મારફતે કેમ ન મોકલી શકે? અર્થાત મોકલીજ શકે, આ બાબતમાં કોઇપણ જાતના સાંચાની કે સાધનની જરૂર પડતી નથી.

હાલના સમયમાં દરેક માણુસ ચહાય તો તે પુરૂષ હોય કે સ્ત્રી હોય પણ વિચારથી સંદેશા મોકલવાનું કામ કરવા ઈચ્છે છે. અને તાર અથવા ટપાલની મદદ સિવાય પોતાનાથી દૂર વસતા સ્નેહી સાથે મનથી વાતચિત કરી આનંદ લેવાને તત્પર થાય છે. ઘણા માણસો ધારે છે કે તે કામ તેઓ

સહેલાઇથી કરી શકશે. અને જ્યારે તેઓ તે પ્રયત્નમાં નિષ્ફળ નીવડે છે. ત્યારે તેઓ ઉદાસીન થાય છે. પણ માણસ બીજાને વિચાર મોકલી શકે તે પ્હેલા તેને વિચાર કરતાં શીખવું જોઇએ. અને આકાશ અથવા ઈથર મારફતે એક જગ્યાએ વિચારો મોકલી શકાય તે પ્હેલાં થોડી ઘણી પણ એકાગ્રતાથી વિચાર કરવાની શકિત કેળવવી જોઇએ. ઘણા માણસો નિરાશ થાય છે. અથવા નિષ્ફળ નીવડે છે. તેનું કારણ એજ કે સામાન્ય રીતે દુનીઆના ઘણાખરા માણસોના વિચાર નિર્બળ હોય છે, થોડી મીનિટ સુધી પણ એકજ પ્રકારનો વિચાર તેઓ કરી શકતા નથી. પરિણામ એ આવે છે કે તે વિચારની ફુરસદો એક ક્ષણે ઉત્પન્ન—જાગૃત થાય છે અને બીજી ક્ષણે—પળે નાશ પામે છે. અને તેથી વિચારની અમુક ચોક્કસ આકૃતિ બંધાતી—થતી નથી કે જે રસ્તામાં મળતી બીજા વિચારોની આકૃતિઓની વચ્ચે થઇને પોતાને જવાને સ્થળે—ઠેકાણે જઈ પહોંચે. તેટલા સારૂ આવા પ્રયોગો કરવા ચ્હાનારાઓએ મનને સ્થિર

કરતા શિખવું, અને પોતાના વિચારો ચોક્કસ સ્થાયી અને મજબુત રાખવા જોઈએ. વિચાર ચોક્કસ હોવાથી તેને જે દીશામાં જે પુરૂષ અથવા સ્ત્રી તરફ મોકલવા હશે, ત્યાં ત્વરાથી જઇ પહોંચશે. સ્થાયી હોવાથી તેની આકૃતિ બદલાશે નહિ. અને મજબુત હોવાથી રસ્તામાં આવતા-અથડાતા બીજા વિચારોને હડસેલી મુકી યાને વીંધી નાંખી તેની આરપાર થઈ ધારેલા ઠેકાણે પ્હોંચી સામા મનુષ્યના મગજમાં તત્કાળ દાખલ થઇ શકશે.

માનસિક સંદેશાની બાબતમાં ત્યારે પ્રથમ આ બાબત યાદ રાખવી જોઇએ કે જ્યારે કોઇ પણ માણસ બીજા કોઈ વિચારની હરકત વગર એકજ વિચારમાં મશગુલ થાય છે. ત્યારે તે વિચારની ધ્રુજરીઓ ઘણીજ ચમત્કારીક અસર કરે છે. આ ધ્રુજરીઓ ગમે તે જગ્યાએ પહોંચે છે એટલુંજ નહિ પણ ધારેલી અસર ઉત્પન્ન કરવામાં આબાદ સફળતા આપે છે. એટલે કે બીજાના દુર્ગુણ છોડાવી શકાય છે. તેનો પ્રેમ જીતી શકાય છે. તથા આપણા હિતનાં કામ બીજાઓ પાસેથી કરાવી શકાય છે

જે કામ કરવાને તેની નાખુશી હોય તો પણ આપણે આ વિચારની શુભ ચાવી વડે તે કામ તેના પાસેથી અજબ રીતે કરાવી શકીએ છીએ એ બાબતમાં મારો ઘણોજ જાતી અનુભવ છે, અને કદાપી તમારે પણ કામ પડે તો ખુશીથી તે બાબત મારી મદદ માગજો મારાથી બનતી મદદ દરેક માણસને આપવાને અંતઃકરણથી રાજી થઇશ.

તમને તમારા કોઇ મિત્રને મળવાની ખાસ ઇચ્છા અત્યંત જરૂરના કાર્ય પ્રસંગે થઇ હોય. અને તમે મનને તીવરેચ્છાથી એજ વિચારમાં જોડી રાખ્યો તો તમારો મિત્ર ગમે તેવા કાર્યમાં ગુંથાયેલો હશે તો પણ તેના મનમાં તમને મળવાની ઇચ્છા ઉત્પન્ન થશે, અને તે પોતાનું કામ પડતું મુકીને પણ તમને આવીને મળી જશે.

પ્રથમ તો વિચારનો સંદેશો કેવી રીતે જાય છે. તે વિચારીયે અને આપણે સંદેશો મોકલવાને શું શું કરવું જોઇએ તે પછી તપાસીશુતો ઠીક થશે.

વિચાર બે રીતે જઇ શકે છે. પ્રથમ રીતમાં મન અને મગજ બન્ને કામ કરે છે. અને બીજી

રીતમાં ફક્ત એકલું **મગજ** આપણું કામ કરે છે.

પ્રથમ રીતમાં પહેલ વહેલો **મનમાં** વિચાર ઉત્પન્ન થાય છે. તે **વિચાર** આપણા **સુક્ષ્મ શરીરને** અસર કરે છે. અને સુક્ષ્મ શરીર આપણા સ્થુળ **મગજને** અસર કરે છે. પછી આપણા મગજમાંથી વિચાર પ્રમાણે ચોક્કસ ધ્રુજારીઓ ઉત્પન્ન થઇ હથરે મારફતે સામા મનુષ્યના સ્થુળ મગજ અને સુક્ષ્મ શરીરને અસર કરે છે. અને સ્થુળ શરીર મારફતે સામાના મનમાં આપણે જે વિચાર કર્યો હોય તે જાગ્રત યાને ઉત્પન્ન થાય છે. આ બહુજ લાંબો રસ્તો છે. પણ હાલના સમયમાં સામાન્ય મનુષ્ય જાતિને વાસ્તે તેના સિવાય બીજો માર્ગ નથી. કારણકે જે લોકો માનસિક ભુમીકામાંથી વિચાર સામા માણસના માનસિક શરીરને મોકલી શકે, તે કાર્ય હાલના સમયમાં ઘણાજ થોડા કરી શકે છે. માટે તે બીજા માર્ગ સંબંધી અત્રે અમે વધુ લખતા નથી.

જેવી રીતે સમુદ્રમાં ફેંકેલા પત્થરાથી ઉત્પન્ન થયેલું મોજું બીજા મોજાંને ગતિ આપે છે. તેમ

મનુષ્યના મગજમાં રહેલા ઇથરમાં થયેલી ધ્રુજ-રીઓ આસપાસની ઇથરમાંની ધ્રુજરીઓની ચારે બાજુ ઠેલાય છે. અને ત્યાંથી ચાલી ચાલી સામા મનુષ્યના મગજની ઇથરમાં ધ્રુજરીઓ ઉત્પન્ન કરે છે. પણ જો સામો મનુષ્ય બીજા વિચારમાં બહુજ ગુંથાઇ ગયો હોય તો આ વિચારની ધ્રુજરીઓ તેને કોઈ પણ પ્રકારની અસર કરી શકતી નથી. જે માણસ આંધળો હોય તે પ્રકાશની ધ્રુજરીઓને ગ્રહી શકે નહી, તેમ જે માણસ પોતાના વિચા-રોમાં બહુજ ગુંથાઈ ગયેલો હોય છે તે વિચારો-ની ધ્રુજરીઓ ગ્રહણ કરી શકતો નથી. માટે આ ઉપરથી એક નિયમ એ સિદ્ધ થાય છે કે વિચાર ગ્રહણ કરનાર માણસ .થા સીએ શાન્ત અ-વસ્થામાં બેસવું. પોતાના મનથી વિચાર કરવા નહી પણ બહારથી વીચારની જે ધ્રુ-જરીઓ આવે તે ગ્રહણ કરવાને તત્પર થઇ રહેવું જોઇએ.

જ્યારે તાઉસ, સારંગી અથવા સિતારના તાર મેળવેલા હોય છે ત્યારે તેઓ એક બીજામાં સૂર

પુરે છે. એકજ ધાતુના સરખા પ્રમાણુવાળા પાંચ સાત ચીપીઆ સાથે મુકેલા હોય અને જ્યારે એક ચીપીઆને ઠોકવામાં આવે છે ત્યારે તે પાંચ સાત ચીપીયામાં પણ એક સરખી ધ્રુજારી ઉત્પન્ન થાય છે, તેવી રીતે જે મનુષ્યે સંદેશો મોકલવો હોય અને જે મનુષ્યે ગ્રહણ કરવો હોય તે બન્ને જણા એકજ પ્રકારની આંદોલનની (ધ્રુજારીની) સ્થીતિમાં હોવા જોઇએ. અને આવી સ્થીતિ ઘણા ભાગે સરખા વિચારવાળા મિત્રોમાં, પતીપત્નીમાં, અને એકજ કુટુંબના માણસોમાં માલુમ પડે છે- માટે પ્રથમ આવા પ્રયોગો સરખી લાગણી, દિલસોજી અને વિચારવાળા સ્ત્રી પુરૂષોએ કરવા જોઇએ. બન્નેની વચ્ચે વિશુદ્ધ પ્રેમ હોવો જોઇએ. તેમજ એક બીજાના હિતકરી અને વિશ્વાસવાળા હોવા જોઇએ. આમ હશે તોજ આ કામ સહેલાઇથી થઇ શકશે, અને પછી બીજા ગમે તેવા માણસને વિચારથી સંદેશા મોકલવાની હિમ્મત કરી શકાશે, પણ જો પ્રથમ પ્રયાસ નિષ્ફળ જાય તો કેટલાક લોકો હીંમત હારી જાય છે તેમ હી

મન હારી જવી નહી. પ્રથમ આરંભ એવી રીતે કરવો કે જેમાં સિદ્ધિ થાય, અને આ વિદ્યામાં વિશ્વાસ આવે. અમે તો ખાત્રીથી કહીએ છીએ કે આ બાબત ખરી છે, કારણ કે અમને તે બાબતનો જાતિ અનુભવ છે, પણ જે લોકોને તે બાબતનો અનુભવ ન હોય તેમણે મનને એકાગ્ર કરવાની ટેવ પાડવી, અને ધીમે ધીમે આ બાબતના પ્રયોગ કરી પોતાની ખાત્રી કરી લેવી.

પહેલાં કેટલીક વાર નિષ્ફળ જાઓ તો હીંમત હારશો નહિ પણ ધૈર્ય અને ખંતીલાપણાથી પ્રયત્ન જારી રાખશો તો આગળ વધશો. આ સંબંધીમાં સેન્ફ્રાન્સીસકોમાં આવેલા એક ડોક્ટરે પોતાની સ્ત્રી જે સો માઇલ ઉપર દૂર હતી તેને અને તેની સ્ત્રીએ તે ડોક્ટરને ફક્ત મનદ્વારા જે સંદેશા મોકલ્યા હતા તેના કેટલાક દાખલા વાચક વર્ગની જાણ માટે અમે અત્રે રજુ કરીએ છીએ.

મોકલનાર—ડાક્ટરની સ્ત્રી. ૨૨-મે-૧૯૦૨

સહી સલામત આવી પહોંચ્યા. મારી મુસાફરી સુખકારક હતી બેન્ક બીમીન ખુશીમાં છે. જુના ઘરમાં અમને સુંદર જગ્યા મળી છે.

ગ્રહણ કરનાર ડાક્ટર ૧૨—મે—૧૯૦૨

મુસાફરી સારી હતી બીમનને સારી રીતે ઉંઘ આવી હતી. ઘર ચોરસ બાંધેલું. આગળ સારા વૃક્ષો આવેલાં. ઓરડામાં સુર્યનો પ્રકાશ આવે છે. ઇશાન ખુણામાં લ્હાય લાગી.

(સ્ત્રીએ સુંદર જગ્યા મળી છે એમ સંદેશો મોકલ્યો નહોતો, પણ તેના મનમાં તે વખતે તે જગ્યાનો ચિતાર હતો તે પણ તેના ધણીના જાણવામાં આવ્યુ, અને લ્હાય લાગી એ પાછળથી તપાસતાં ખરી વાત માલમ પડી)

મોકલનાર—ડાક્ટર ૧૩—મે—૧૯૦૨.

થેરેસા બીમન અને તેની મા ગઈ કાલે અહીંયા હતાં, વ્યાપાર બરાબર ચાલતો નથી,

ગ્રહણ કરનાર—ડાક્ટરની સ્ત્રી. ૧૩–મે ૧૯૦૨.

હું ધારૂં છું કે થેરેસા બીમન ત્યાં હતી કે આવશે, કાંઈક વ્યાપાર સંબંધી છે. પણ હું બરાબર સમજી શકતી નથી, હું ધારૂં છું કે તે બરાબર નથી ચાલતો.

આ ઉપરાંત અમારા અનુભવમાં નીચે મુજબ

બન્યું હતું જે લોકોનાં નામ આપવાં એ હાલ કઢંગુ છે. પણ બનાવ નીચે મુજબ બન્યા હતા.

એક પારશી બાનુ કેટલાક વખતથી કોઇ ભાટીયાના પ્યારમાં પડી હતી, સારી સ્થિતિમાં બંને સુખ ચેનમાં રહ્યાં પણ પાછળથી ભાટીઓ સટ્ટાના વ્યાપારમાં નુકશાનીમાં આવી પડવાથી પારસી બાનુની પાસેથી કેટલાક રૂપીઆ લીધા હતા. તે પાછા આપવા જેવી સ્થિતિમાં તે ગૃહસ્થ નહોતો છતાં પાછા લેવાની ઇચ્છાએ અને બાઇ તરફથી મુંબઈ બોલાવવામાં આવ્યો હતો. ત્યાં ગયા બાદ તે બાઇને મળ્યો. તે વખતે તે બાઇને પૈસા સંબંધી લોભ હતો પણ તેના એક સ્નેહિને તેની આ રીત પસંદ નહોતી એટલે છેવટે એમ ઠર્યું કે બંનેનો સંબંધ છોડાવી છુટાં પાડવાં. આ માટે પ્રથમ મેં ભાટીયા તરફ આંદોલનો પ્રેરી તેને મારા મુકામે આકર્ષ્યો અને તેને યુક્તિસર તેમજ આંદોલનો પ્રેરી બહાર ગામ જવા ઉશ્કેર્યો. અને તેનું પરિણામ એજ આવ્યું કે તે બહાર ગામ ગયો. તે માણસનું ઠામ ઠેકાણું હું જાણતો ન હોવાથી ફક્ત તેડાવનાર

બાઈ પાસેથી તેનો ફોટો મેળવી તેના ઉપરજ મારાં આંદોલનો સચોટ બેસાડી તેને મારા તરફ આકર્ષવાનું કાર્ય મ્હેં કર્યું હતું.

બીજો દાખલો—એક ગ્રહસ્થ કેટલાક વખતથી એક બાઈ સાથે વિશુદ્ધ પ્રેમમાં જોડાયો હતો. પાછળથી તે પ્રેમ માયીક થઈ પડયો તે છોડાવાને માટે ત્યાં બોલાવવામાં આવ્યો. મ્હેં પ્રથમ તે ગ્રહસ્થને તે બાઈ પ્રત્યે અભાવ ઉપજે તેવાં આંદોલનો પ્રેરવા માંડયાં પણ તેનું મગજ બહુજ મજબુત હોવાથી પેલી બાઇના મગજ તરફ આંદોલનો મોકલ્યાં તેનું પરિણામ એ આવ્યું કે તે બાઇનો તેના ઉપર અભાવ થયો અને બંન્ને એકમેકથી અંતે છુટાં પડયાં.

ત્રીજો દાખલો—ધણી ધણીયાણીમાં દરરોજ હદ બહાર કંકાશ થતો હતો. જો કે વર સારો કમાઉ તેમજ બૈરી સારી ચાલની હતી છતાં બે જણના સ્વભાવ ગરમ—નરમ નહિ પણ બન્નેના ગરમ હોવાથી સ્હેજ વાતમાં એક બીજા પર છેડાઈ પડતાં ને તેમાંથી બન્ને કેટલાંક વર્ષથી એક બીજાથી

જુદાં પડ્યાં હતાં. આ કામ માટે સ્ત્રી તરફથી મને તેમના ગામ તેડાવવામાં આવ્યો. મ્હેં એક મહીના સુધી ત્યાં રહી એવાં આંદોલનો પ્રેર્યાં કે બંને જણા એક બીજા માટે દર્શનાતુર થઈ ગયાં અને છેવટે અજબ જેવી રીતે શુભ દીવસે એક થયાં !

ચોથો દાખલો—રૂસ્તમજી નામના એક ગ્રહસ્થને કોઇએ મેલી વિદ્યાનો જાદુ કરેલો જેના લીધે તેઓ સદા તનમનથી દુઃખી રહેતા હતા. તેમણે ઘણાક જાણીતા જોષીઓ ફકીરો અને ડાકટરોની મદદ લીધી તેમજ દેવ દેવીઓ અને પીર પેગંબરો તથા ઓલીયાઓની બાધા—માનતાઓ રાખી. કેટલાએ દોરા તાવીજ અને કડાં પહેર્યાં છતાં આરામ થયો નહિ. છેવટે તેઓએ મારી મદદ માગી. મુંબઈ જવા આવવાના ગાડી ભાડાના તથા ખાધા ખરચના મળી રૂ. ૨૦) મનીઓરડરથી મોકલી આપી મને ત્યાં તેડાવી રૂબરૂમાં દરેક હકીકત ખુલ્લા મનથી જણાવી. પછી મેં જે કાંઇ કરી આપ્યું તેનાથી તેઓ સુખી થયા અને સુખીનું

વીધન સોયથી ટળી ગયું. આ અહસ્થે મને પાછ-
ળથી સારૂં ઇનામ આપ્યુ હતું.

પાંચમો દાખલો—એક વિધવા બાઇને પહેલાના
ધણીના પેટની એક છોકરી હતી એટલે પોતાની
અને એનની છોકરીનું ભલું થાય એવી નેક આ-
શાથી એ બાઇની ઇચ્છા પોતાના રંડાયેલા બનેવીની
સાથે ફરી લગન કરવાની ઇચ્છા હતી. છતાં બાઈ
ગરીબ હોવાથી અને તેનો બનેવી તવંગર હોવાથી
મોઢે હા હા કરીને હાથ તાળી આપતો હતો.
એટલા સારૂ મને તે બાઈ તરફથી ગાડી ભાડા
સારૂ રૂ. ૨૦) મનીઆડરથી મોકલી આપીમુંબઇ
તેડાવવામાં આવ્યો. તેથી હું મુંબઇ અમારા હીંદુ
મીત્રને ત્યાં ઉતર્યો અને પછી તે બાઇએ બતાવેલા
ટાઇમે તેમના ઘેર જઈ મળ્યો. તેણીની ખરી બીના
જાણી તેના ભવિષ્યમાં કેમ બનશે તે સુચવનારૂં
પવિત્ર હુજરીઓનું તાવીજ આપ્યું જેના પ્રતાપે
એકજ અઠવાડીઆમાં લગ્ન થઇ ગયાનું તથા સાસુ
તરફથી અતીશય હરખ ભર્યો આવકાર આપવાનું
ખુશનુંમા સ્વપ્ન તે બાઈ જોવા પામી હતી.

છઠ્ઠો દાખલો—માનેકજી કરીને એક જુવાન છોકરાને કોઇનો આધાર ન હોવાથી તેણે મારી મદદ માગી. મ્હેં તેને છેલ્લી પરીક્ષામાં પાસ કરાવ્યો તથા નોકરીએ વળગાડી કેટલીક ચમત્કારિક ક્રીયા શીખવી કે જેના વડે તે પોતાનો સંસાર સુખરૂપ ચલાવવા લાગ્યો.

સાતમો દાખલો—મા બાપ વિનાની એક આબરૂદાર કુટુંબની છોકરીને તેના ઓરમાન ભાઇએ ત્રાસ ઉપજાવવા મંડયો. ત્યારે તે બીચારીએ એક ભાઇ તરીકે બધી હકીકત મને લખી જણાવી મદદ માગી. મેં તેની આસપાસથી તપાસ કરી યથાશક્તિ મદદ જ્યાં ત્યાંથી મેળવી આપી તથા તેણીની મરજી મુજબ સ્વતંત્ર ગુજરાન ચલાવવાનું સાધન કરી આપ્યું.

આઠમો દાખલો—એક હિંદુ છોકરીને પોતાની મરનાર શોક્ય નડે છે ને તેથી પોતાને છોકરૂં થતું નથી એવી ધાસ્તી હતી. તેને મેં એક તાવીજ કરી આપ્યું જેના પ્રતાપે તેની ધાસ્તી મટી ગઈ

તથા તેને એક છોડી પણ તેજ વરસમાં થઈ કે જેથી તેની વાંઝીયાપણાની બીક જતી રહી.

નવમો દાખલો—એક ભાવસારની બૈરીને આશરે ૪૦ વર્ષ થયાં પણ કાંઇ છોકરૂં થયું નહોતું તેથી તેણીનો વર બીજી બૈરી કરવા તૈયાર થયો ત્યારે તે બીચારી મારી પાસે આવી રડી પડી જેથી મેં તેને એક તાવીજ કરી આપ્યું જેના પ્રતાપે તે બાઇને બીજે વર્ષેજ એક છોકરો થયો. જેથી તેનો વર બીજી બૈરી કરતાં અટકયો.

દશમો દાખલો—એક તદ્દન નિરાધાર ગરીબ બાનુએ મારી મદદ માગી તે વખતે મારે બીજા ગ્રાહકના કામ સારૂ મુંબઇ જવાનું હતું તેથી તે બાઈ પાસેથી કાંઇ પણ ખરચ લીધા વિના તેની ઇચ્છા પ્રમાણે મારાથી બનતી સગવડ કરી આપી અને તેને બહાર ગામ આબરૂદાર કુટુંબમાં નોકરીએ વળગાડી દીધી હતી.

અગીઆરમો દાખલો—સુરતમાં એક યુવાન પારસી બાનું મારી મદદથી ચમત્કારીક જાદુઇ વિદ્યાનો અભ્યાસ કરે છે અને તેમાં તેને કેટલીક

ફનેડ મળી છે. તેઓ હજી પોતાનો અભ્યાસ આગળ વધારતાંજ જાય છે અને જરૂર વખતે મારી સલાહ પણ લે છે.

બારમો દાખલો—ગયે વર્ષે એક મા બાપ વિનાનો છોકરો રૂા. ૨૦૦) લેઇને મારી પાસે આવ્યો અને એટલી રકમમાંજ મહીને ૪૦—૫૦ રૂપીઆ પેદા થઇ શકે એવી ધંધાની લાઇન સારૂ આજીજી કરવા લાગ્યો. હું તેને મુંબઇ લઇ ગયો અને એકાદ અઠવાડીયું ત્યાં રહી તેને તેલીજ લાઇનનો ધંધો શોધી આપ્યો. જેમાં તે મેહેનતુ હોવાથી ફાવ્યો અને પછી પોતાનો ધંધો વધારવા તે કલકત્તા તરફ ગયો.

મારા મુરબ્બી વાંચનારાઓને નમનતાઇ પૂર્વક અરજ કરૂં છું કે ઉપલા દાખલા વાંચી મને હવે કે ચમત્કારીક પુરૂષ તરીકે ગણવાની ભૂલ કરશો નહીં હું પણ તમારા જેવો એક સાદો ગ્રહસ્થાશ્રમી માણસ-છું અને તમે પણ ધારો તો આ વિદ્યાનો કાળજીપૂર્વક અભ્યાસ કરી સારા રસ્તે ઉપયોગ કરવાથી બીજાઓને સુખી કરી શકશો.

કુદરતના કોપથી નીરાધાર થયેલાં બાળકો તથા બાનુઓને ગુજરાનના સાધનમાં કે વિદ્યાભ્યાસમાં મારી મદદની જરૂર પડે તો કાંઇ પણ શરમ રાખ્યા વિના એક કવરમાં વીગતવાર પોતાની હકીકત તેઓએ લખી જણાવવી એટલે અમે તે બાબત ખાનગી રાખી અમારાથી બનતી મદદ કરીશુ તથા બીજાઓ પાસેથી મદદ અપાવીશું. તેમજ હિંદુ પારસી કે મુસલમાન હોય તો પણ અમે કોઇ કોમથી જુદાઈ ગણતા નથી. વાસ્તે જેને લાભ લેવા હોય તેણે સુખેથી એક બાઇ તરીકે ગણીને અમને લખવું.

મુંબઇ, પુના, સુરત, વડોદરા વીગેરે મોટાં શહેરોમાં અમારા ઘણા સ્નેહીઓ હોવાથી અમને ત્યાં તેડાવનાર માણસને અમારા સારૂ ખાવાની કે ઉતારાની ગોઠવણ કરવી પડતી નથી. કારણ કે અમારા હીંદુ ભાઇઓને ત્યાંજ અમે ઉતરીયે છીએ અને તેડાવનાર ગ્રહસ્થને તેના મકાને કે અમારા ઉતારે જ્યાં તેને મળવાની ઇચ્છા હોય ત્યાં રૂબરૂમાં મળી તેના કામનો બંદોબસ્ત કરીયે છીયે.

સંદેશા મોકલવાની રીત.

હવે મનથી વિચારનો સંદેશો મોકલનારે તથા ગ્રહણ કરનારે શું શું કરવું જોઇયે તે જણાવીએ છીએ. જે વખતે સંદેશો મોકલવો તે વખતે મોકલનાર માણસે લેનાર માણસમાં વૃત્તિ જોડવી તથા મજબુત અને દૃઢ ઇચ્છાથી સંદેશો મોકલવો જોઇએ.

ઉપર જણાવ્યા મુજબ વીચારો ચોકકસ, સ્થાઇ અને મજબુત રાખવા જોઇએ, લેનાર માણસે પોતાના મનને સંકલ્પ અને ક્રીયા રહિત કરવું, અને જેમ કોરી સ્લેટમાં અક્ષર શુદ્ધ લખાય છે. તેમ શાંત મનમાં સામેથી આવતા વિચારોની ધ્રુજરીઓ સમજ પડે તેવી ચોખ્ખી અસર કરે છે.

ક્રીયા કરવાનો સમય.

ક્રીયા કરવાનો સમય, ગમે તે સ્થળમાં હોય, તો પણ એકજ રાખવો જોઇએ. આજે જે સમય રાખ્યો હોય તે સમયજ આવતી કાલે રાખવો. પ્રાતઃકાળનો બ્રહ્મ મુહુર્તનો સમય, તેમજ રાત્રે

ઉંઘતાં પહેલાંનો સમય, જ્યારે સર્વ શાંત હોય અને મન પણ સ્થિર અને ઉદ્વેગ વગરનું હોય તે વખતે આ ક્રિયા કરવાથી બહુજ સહેલાઇથી તે થઈ શકે છે. જેમ મન વધારે શાંત, અને એકાગ્ર તેમ આ પ્રયોગની સિદ્ધી વધારે એ નક્કી સમજવું.

મોકલનાર માણસે એક શાંત ઓરડામાં જઇ, આરામ ખુરસી અથવા બીજા કોઇ સુખાસને બેસી વિચાર લેનારની માનસિક છબી મનથી ખડી કરવી, અને પછી તે માણસને આપણે કાંઇ કહેતા હોઇએ તે પ્રમાણે આપણા વિચારનો સંદેશો જણાવવો, અને ગ્રહણ કરનારે પણ શાંત અને સંકલ્પ રહિત થઇ રહેવું. અને બહારથી જે શબ્દો સંભળાય તે નોંધી લેવા. આ સ્થિતિમાં શબ્દો સંભળાતા જશે તેમ કોઇ કોઈ વેળાએ મનમાં તેવા શબ્દો ઉત્પન્ન પણ થતાં જશે માટે જેમ જેમ અભ્યાસ વધતો જશે તેમ તેમ તે સંબંધી વધારે સારી સમજ પ્રયોગ કરનારને પડતી જશે.

આ ક્રિયા જ્યારે સિદ્ધ થાય ત્યારે મોકલનાર માણસે લેનાર થવું, અને લેનાર માણસે વિચાર

મોકલવાનો પ્રયોગ કરવો. આથી તે બન્નેનાં મન એક સુર વાળાં થઇ જશે અને તેથી પછી લેનાર ધણી ગમે તેવા કામમાં ગુંથાયેલો હશે તો પણ મોકલનાર માણસે મોકલેલા વિચારો અને શબ્દોની ધ્રુજરીઓ તેને ઝટ અસર કરશે જેથી તે સંદેશો ઝટ ગ્રહણ કરી શકશે. કારણ કે મોકલનાર માણસના વિચારની ધ્રુજરી લેનારના મગજના જ્ઞાનતંતુમાં વિજળી જેવા પ્રવાહનું ભાન કરાવે છે. સંદેશો આવતાં તારની સોય હાલે છે. તેમ જ્ઞાન તંતુમાં ભણકારો થાય છે. આમ થતાંજ લેનાર ધણી મનને શાંત અને સંકલ્પ રહિત બનાવે છે અને સંદેશો સાંભળવા તૈયાર થાય છે.

બીજી રીત.

પ્રથમ એક સારો સફેદ કાગળ લેઈ તે ઉપર જે સંદેશો મોકલવો હોય તે લખવો અને ટેબલ ઉપર દરેક શબ્દ દેખી શકાય તેમ મુકો. બાદ તમારી નજર આડી અવળી જાય નહી માટે બે ફીટ લાંબું, અને ૪ ઇંચ ડાયામેટર વ્યાસવાળુ કાગળનું ભૂંગળુ

ભુંગળું બનાવી તેમાં સ્થિર દૃષ્ટિ કરી કાગળ ઉપર લખેલા સંદેશાના શબ્દો જોવા માંડો. જ્યારે અક્ષરો ઝાંખા ઝાખા થઈ દેખાતા બંધ થવા માંડે ત્યારે ફરી આંખો ઢીલાવી તેને શુદ્ધ રીતે જોતા રહેજો. આ પ્રમાણે કરવાથી પણ તમે અજબ જેવા ચમત્કાર જોવા પામશો અને તમારા સંદેશા મોકલવાને સમર્થવાન થશો.

દરેક બાબતની માફક વિચાર મોકલવાની બાબતમાં પણ નાના પાયાથી શરૂઆત કરવી જોઈએ. દાખલા તરીકે પ્રથમ એક શબ્દ મોકલવો. એક શબ્દ બરાબર સામો માણસ ગ્રહણ કરી શકે છે એમ જણાયા પછી બે શબ્દો, પછી ધીમે ધીમે નાનું નાનું વાક્ય, અને પછી મોટું વાક્ય. આ રીતે ક્રમે ક્રમે વધ્યા જવું. આમ કરતાં કરતાં તમે એવી સ્થિતિ પ્રાપ્ત કરી શકશો કે જે જોઈને તમને પણ આનંદ અને આશ્ચર્ય થશે. પણ હીંમત અને આત્માની શક્તિમાં દૃઢ વિશ્વાસ કદાપી ખોતા નહિ.

આ વિદ્યાથી ઘણી ધાણીઆણીના કજીયા મટાડી

પ્રેમ વધારી શકાય છે, સગાં સ્નેહીઓ ને શેઠની મહેરબાની વધારી શકાય છે, વ્યાપાર ઉદ્યોગ અને અભ્યાસમાં ઉત્સાહ વધરી શકાય છે, ધારેલું કામ પાર પાડવા અમુક માણુસનો પ્રેમ પ્રાપ્ત કરી શકાય છે અને દુર્ગુણીઓ તથા ખરાબ સ્વભાવવાળાઓને પણુ ઠેકાણે લાવી શકાય છે. માટે આવી વીધા આ દેશના દરેક લોકો શીખે અને તેનાં મીઠાં ફળ ચાખે એવી શુભ આશાથી આ વિદ્યા જાતી અનુભવથી માત્ર પરોપકાર સારૂ પ્રગટ કરી છે તેનો સૌ કોઈ લાભ લેઇ સુખી થાઓ.

સુક્ષ્મ તત્વ જોવાની રીત.

ત્રણુ અથવા ચાર હાથ પહોળો અને છ કે સાત હાથ ઉંચો પૂર્ણ કાળા રંગનો પડદો તૈયાર કરાવજો. તે પડદાને સંધ્યાકાળે મગગુગળુ અજવાળુ રહે ત્યારે એક ભીંત સાથે ટાંગજો, અને તે પડદાની આગળ ત્રણુ અથવા ચાર હાથને છેટે એક નીરોગ સુદ્દઢ શરીરના માણુસને ઉભો રાખજો. તે માણુસને પડદાના મધ્ય ભાગે એવી રીતે ઉભો

રાખવો કે જેથી ત્હેની બધી બાજુએ એક અથવા દોઢ હાથ જેટલી પડદાની કાળી ભેય, જોનારને દેખાતી રહે. ત્હમારે તે માણસથી પંદર અથવા વીશ પચ્ચીસ હાથને છેટે એવી રીતે ઉભા રહેવું કે ત્હેની આકૃતી પડદાની કાળી ભોંયપર ચીત્રેલા જેવી દેખાય. પછી થોડીવાર સુધી તમારી આંખ્યોને મીંટ માર્યા વિના ખુલ્લી રાખી જોયા કરજો એ-ટલે ધીમે ધીમે ત્હેના શરીરમાંની વહેતા પ્રકાશનાં કીરણો દેખાશે ને તે વધતાં વધતાં એટલા બધાં દેખાશે કે પડદાની કાળી બાજુ તો ત્હમે બીલકુલ દેખશો નહીં પણ તે માણસ તમામ ચળકતાં કીર-ણોથી વીંટાઇ ગયેલો જોશો. આ તે સુક્ષ્મ તત્વ છે કે જેને એનિમલ મેગ્નેટીઝમ કહે છે એજ ત્હેનું જીવનતત્વ છે અને માણસ જ્યારે કોઇપણ પ્રકારના કામમાં મચ્યો રહે છે ત્યારે ત્હેની મહેન-તના પ્રમાણમાં દ્રવ્ય વહેતું જ રહે છે પરંતુ સમાધિ. નિંદ્રા કે ધ્યાનમાં તે બહાર વહી જતું નથી પણ બહાર નિકળી પાછું અંદરજ સમાઇ જાય છે અને તેથી આપણે એવી અવસ્થાઓમાંથી જ્યારે

ફેરીએ છીએ ત્યાર શરીર નવા બળવાળું લાગે છે.

હાથ પાતળો દેખાશે—કોઇપણ ન્હાના અથવા મ્હોટા માણસને દીવાની સામે બેસાડીને તેના હાથના પંજાને કપાળના ઉપલા ભાગને અડાડી દીવા સામે બંન્ને આંખોની નજર બરાબર ઠરાવી કાંડાને એકી નજરે થોડી મીનીટ જોવાનુ કહો એટલે તરત તેનું કાંડું ઘણુંજ પાતળું લગભગ આંગળી જેવું જોઇને અજબ થશે.

સુતેલાને જગાડવો—કોઇપણ સુતેલા આદમીને ભર ઉંઘમાંથી જગાડવા હોય તો તેની પથારી આગળ બેસી આપણે જો થોડી મીનીટ તેની આંખ્યો સ્હામે એકી નજરે જોઇ રાખ્યુ હોય તો પેલો માણસ તરત જાગી ઉઠશે, અને આપણા તરફ સાનંદાશ્ચર્યથી જોશે.

કાનમાં કૌતક—બંન્ને કાનમાં આંગળીઓ ઘાલી રાખી બહારના પવનને કાનમાં જતો અટકાવ્યો હોય તો નાના પ્રકારના નાદ—અવાજ સાંભળવામાં આવે છે. અને તેથી રમુજ ઉપજે છે.

અજબ ગમ્મત—બંન્ને હાથની વચલી આંગ-

વાંઓ બંન્ને કાનના વેહમાં મજબુત રીતે ઘાલીને બંન્ને હાથના અંગુઠા વડે આંખ્યો મીચી તેના ડોળા દબાવ્યા હોય તો વાહિના જેવી ગર્જના સાંભળવામાં આવશે, તેની સાથે ઘણો સુંદર પ્રકાશ પણ જોવામાં આવશે. આ પ્રયોગ કદાપી ઝાઝો વખત કરવો નહિ.

ભયંકર અવાજ—એકાંત જગ્યા કે જ્યાં સઘળું ચુપાચુપ છે, અને તેને લીધે આસપાસ સર્વત્ર શાન્તપણું પ્રસરી રહ્યું છે. એવા સ્થાનમાં સ્થિર ચિત્તથી બેસશો તો તમારા સાંભળવામાં એક જાતનો ઝીણો ને ભયંકર અવાજ આવ્યા કરશે.

અંતર દ્રષ્ટી જ્ઞાન—શાન્ત સ્થળના એક ઓરડામાં સ્થિર ચિત્તે (બીજા વિચારો અન્તકરણમાંથી દૂર કરીને) બેસી આંખને અર્ધ ઉઘાડી રાખી એકાદ દેવની છબીને થોડી મીનીટ એકી ટશે જોઈ રહેશો એટલે આંખ્યો મિંચાવાની તૈયારી થશે અને આખો ઓરડો અંધકારથી છવાઈ ગયેલો જણાશે. તે વખતે પેલી દેવની છબી બરાબર દેખાય નહિં કે તરત એકદમ આંખ્યો મીંચી જવી. આમ કર-

વાથી તે દેવની છબી અંતરદ્રષ્ટિથી જોવીને તેવીજ પાછી દેખાશે. આ ક્રિયાના અભ્યાસમાં વધારો થવાથી આગળ જોયેલી ચીજને અંતરદ્રષ્ટીથી વર્ત્ત-માન સમયે તે કેવી સ્થિતિમાં છે, તે પણ યથાર્થ રીતે જોઈ શકાશે. કેટલાકને આ ક્રિયા સાધતાં અતિંદ્રીય જ્ઞાન પણ થાય છે.

કાર્ય સિદ્ધિનો ઉપાય—કોઈ પણ માણસ સાથે આપણા લાભની વાત કરવી હોય તો આપણા નાકના બે છીદ્રોમાંથી જે બાજુના નસકોરામાં પવન વહેતો હોય તે બાજુ તેમને બેસાડી વાત કરવાથી આપના બોલ્યાની તેને ઘણી સારી અસર થાય છે ને ધારેલું કામ પાર પડે છે.

ધારેલો લાભ થાય—કોઇ પણ કામે જતાં જે બાજુના નસકોરામાંથી પવન વહેતો હોય તે બાજુનો પગ પહેલો ઉપાડી બહાર જવું અને જેના ઘરમાં મકાનમાં કે ઓરીસમાં જઈ પ્રવેશ કરવું હોય તે મકાનમાં જે નસકોરામાંથી પવન વહેતો હોય તે બાજુનો પગ પહેલાં મુકીને અંદર પ્રવેશ કરવાથી સારો લાભ થાય છે.

નાકનો પવન બદલવાની રીત—નાકના જમણા છિદ્ર વાટે પવન નીકળતો હોય તેને બંધ કરીને જો ડાબે માર્ગે વહન કરવો હોય તો જમણા પગનો ઢીંચણ જમણા હાથની કાખલીમાં દબાવીને બેસવું એટલે કુદરતી રીતે તેમ થશે. ડાબા છિદ્રમાંથી જમણા છિદ્ર વાટે પવન વેહેવરાવવો હોય તો ડાબો ઢીંચણ ડાબી બાજુની હાથની કાખલીમાં દબાવીને બેસવું.

આ બધા પ્રયોગો મ્હારા અજમાવેલા છે અને તે સાવચેતીથી કરવાથી કોઈ પણ પ્રકારનું નુકશાન નથી. પરંતુ તે ઉપર જો ખંતપુંર્વક વિચાર કરવામાં આવે તો સારો લાભ થાય તેમ છે.

સમાપ્ત.

ચમત્કારીક પુસ્તકો.

જાદુકળા પ્રકાશ—ત્રણે ભાગ.....	૧—૦—૦
કામરૂદેશના મંત્ર વિદ્યા.........	૧—૦—૦
અનંત રંગ—કોકશાસ્ત્રનો સાર ...	૧—૦—૦
યોગની ચાવી...	૨—૦—૦
મેસ્મેરીઝમ.....	૨—૦—૦
કેન બાજી—ઠગવિદ્યા પાનાના ખેલ...	૦—૮—૦
જાદુ કપટ—હાથચાલાકીના ખેલ...	૦—૪—૦
કિમીયાગર ચરિત્ર...	૦—૪—૦
સામુદ્રિક વિદ્યા...	૦—૪—૦
જાદુઈ જડીબુટ્ટી............. ...	૦—૪—૦
હીપનો ટીઝમ............. ...	૦—૬—૦
સ્વરશાસ્ત્ર................. ...	૦—૮—૦
જાદુઈ નોટ................. ...	૦—૪—૦

દરેક પુસ્તકનું પોષ્ટેજ જુદું પડશે.

માસ્તર—નાનાલાલ મગનલાલ.

રીચીરોડની સડકપર—અમદાવાદ.

જાદુઇ ડાયરી.

આ પુસ્તકમાં તંત્ર શાસ્ત્ર, યોગ શાસ્ત્ર, સ્વરશાસ્ત્ર અને ચામત્કારીની વિદ્યા વિષે વિવેચન કરેલું છે. જે વાંચવાથી તમને બેહદ આનંદ ઉપજશે તથા જાદુઇ બાબતો સબંધમાં ઘણુંક જાણવાનું મળશે. એટલા સારૂ ફક્ત ત્રણ આનાની પોસ્ટના ટીકીટ મોકલીને આ ચોપડી જરૂર મંગાવીને વાંચવાની અમે ખાસ ભલામણ કરીએ છીએ.

લી. પ્રકાશક.

માસ્તર-નાનાલાલ મગનલાલ.

[illegible]—અમદાવાદ.